# ઝિમ્બાબ્વેને હરાવી ભારતની સિરીઝમાં અજેય સરસાઈ

**હરમનપ્રીતની** અને દીપ્તિની સદી

**ભારતના** 328 રનના જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 207 રનમાં ઓલઆઉટ

**વૈષ્ણવી** શર્માએ 4 જ્યારે દીપ્તિએ 3 વિકેટ ઝડપી





વડોદરા, તા. 25 (પીટીઆઈ): હરમનપ્રીત કૌર અને દીપ્તિ શર્માની શાનદાર સદીઓની મદદથી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે રવિવારે અહીં રમાયેલી બીજી વનડે મેચમાં ઝિમ્બાબ્વે સામે 121 રને ભવ્ય વિજય મેળવ્યો હતો. આ જીત સાથે ભારતે ત્રણ મેચોની વનડે શ્રેણીમાં 2-0થી wઅજેય સરસાઈ મેળવી લીધી છે. પ્રથમ મેચમાં પણ ભારતે 9 વિકેટે આસાન જીત નોંધાવી હતી.હરમનપ્રીત (126) અને દીપ્તિ શર્મા (106) વચ્ચે 153 રનની તોફાની ભાગીદારી નોંધાઈ હતી. પ્રતિકા રાવલે 61 રનનું યોગદાન આપ્યું હતું.

ભારતે પ્રથમ બેટિંગ કરતા 6 વિકેટે 328 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 48.5 ઓવરમાં 207 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ડાબોડી સ્પિનર વૈષ્ણવી શર્માએ 4 વિકેટ ઝડપી હતી, જ્યારે સદી ફટકારનાર દીપ્તિ શર્માએ પણ ઓલરાઉન્ડ દેખાવ કરતા 32 રનમાં 3 વિકેટ મેળવીને ઝિમ્બાબ્વેની ઈનિંગ્સનો અંત આણ્યો હતો.

### મહિલા વનડે આંતરરાષ્ટ્રીયમાં સૌથી વધુ ઉંમરે સદી ફટકારનાર બેટર:

| | |
|---|---|
| 1. બાર્બ બેવેગે (ન્યૂઝીલેન્ડ) | 39 વર્ષ, 48 દિવસ (1982) |
| 2. જેનેટ બ્રિટિન (ઈંગ્લેન્ડ) | 38 વર્ષ, 161 દિવસ (1997) |
| 3. ડેલીન ટેરબ્લાંશ (દ. આફ્રિકા) | 37 વર્ષ, 289 દિવસ (2007) |
| 4. હરમનપ્રીત કૌર (ભારત) | 37 વર્ષ, 231 દિવસ (2026) |
| 5. ડેબોરાહ હોકી (ન્યૂઝીલેન્ડ) | 37 વર્ષ, 91 દિવસ (2000) |
| 6. સુઝી બેટ્સ (ન્યૂઝીલેન્ડ) | 36 વર્ષ, 87 દિવસ (2023) |

### હરમનપ્રીત અને દિપ્તી વચ્ચે થઈ રેકોર્ડ ભાગીદારી

» દીપ્તિ શર્માએ વનડે ક્રિકેટમાં 9 વર્ષ પછી પોતાની કારકિર્દીની બીજી સદી ફટકારી. આ પહેલા તેણે 2017 માં આયર્લેન્ડ સામે પ્રથમ સદી ફટકારી હતી.

» દીપ્તિ શર્મા વનડે ક્રિકેટમાં ભારત તરફથી નંબર 6 કે તેથી નીચલા ક્રમે બેટિંગ કરતા સદી ફટકારનારી પ્રથમ બેટર બની છે. આ ક્રમે અગાઉ સર્વોચ્ચ ઈનિંગ્સનો રેકોર્ડ ઋચા ઘોષના (94 રન) નામે હતો.

» દીપ્તિ શર્મા અને હરમનપ્રીત કૌર વચ્ચે પાંચમી વિકેટ માટે 153 રનની ભાગીદારી નોંધાઈ હતી, જે ભારત તરફથી વનડેમાં પાંચમી કે તેથી નીચલી વિકેટ માટે રમાયેલી સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ છે. અગાઉ 2022માં સ્નેહ રાણા અને પૂજા વસ્ત્રાકરે 122 રનની ભાગીદારી કરી હતી.

» હરમનપ્રીત કૌરે 15 મહિના બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની 8મી વનડે સદી નોંધાવી.

» હરમનપ્રીત કૌર વનડે ક્રિકેટમાં 8 સદી સાથે ભારત માટે સૌથી વધુ વનડે સદી ફટકારનારી બીજી બેટર બની છે. તેણે મિતાલી રાજને (7 સદી) પાછળ છોડી દીધી છે.

» હરમનપ્રીત કૌર 37 વર્ષ અને 231 દિવસની ઉંમરે સદી ફટકારીને મહિલા વનડે ક્રિકેટ ઇતિહાસમાં સૌથી વધુ ઉંમરે સદી ફટકારનારી વિશ્વની ચોથી સૌથી ઉંમરલાયક બેટર બની છે.

### ભારતીય મહિલા ટીમ તરફથી વનડેમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટર

| | |
|---|---|
| સ્મૃતિ મંધાના | 14 સદી |
| હરમનપ્રીત કૌર | 8 સદી |
| મિતાલી રાજ | 7 સદી |
| પૂનમ રાઉત | 3 સદી |
| જેમિમા રોડ્રિગ્સ | 3 સદી |
| પ્રતિકા રાવલ | 3 સદી |

# યુકી ભાંબરીએ જીત્યું 2026 સીઝનનું પ્રથમ ATP ટાઇટલ

**અલ્માતી** ઓપનની પુરુષ ડબલ્સની ફાઈનલ જીતીને ભાંબરીએ કારકિર્દીનું પાંચમું એટીપી ટાઈટલ જીત્યું

**ભારત**-અમેરિકાની ચોથી સીડ ધરાવતી જોડીએ ઓસ્ટ્રિયાની ટોચની સીડ ધરાવતી જોડીને રોમાંચક મુકાબલમાં હરાવી



અલ્માતી (કઝાખિસ્તાન), તા. 25 (પીટીઆઈ): ભારતના ડબલ્સ ટેનિસના નંબર વન ખેલાડી યુકી ભાંબરીએ શાનદાર પ્રદર્શન કરતા રવિવારે અલ્માતી ઓપન ATP 250 ટુર્નામેન્ટનું ટાઇટલ પોતાના નામે કરી લીધું છે. અમેરિકન જોડીદાર રાયન સેગરેમેન સાથે મેદાનમાં ઉતરેલા યુકી ભાંબરીએ ફાઇનલ મુકાબલામાં ઓસ્ટ્રિયાના ટોપ સીડ ખેલાડીઓ લુકાસ મિડલર અને નીલ ઓબરલીટનરને રોમાંચક મુકાબલામાં હરાવીને આ મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

ભારત-અમેરિકાની ચોથી ક્રમાંકિત આ જોડીએ કઠિન સંઘર્ષ બાદ 7-6(3), 6-7(1), 10-2થી વિજય મેળવ્યો હતો.

વર્ષ 2026ની આ સીઝનમાં યુકી ભાંબરીનું આ પ્રથમ ATP ટાઇટલ છે, જ્યારે તેની એકંદર કારકિર્દીનું આ પાંચમું ATP ડબલ્સ ટાઇટલ છે. અગાઉ તેણે 2023માં મલોર્કા, 2024માં ગ્સ્ટેડ અને મ્યુનિક તેમજ 2025માં દુબઈ ખાતે ATP 500 ટાઇટલ જીત્યા હતા. તાજેતરમાં એશિયન ગેમ્સમાં મેડલથી વંચિત રહ્યા બાદ 34 વર્ષીય યુકી માટે આ વિજય અત્યંત રાહતજનક અને નવું જોશ ભરનારું સાબિત થયો છે.

જીત બાદ યુકીએ કહ્યું હતું કે છેલ્લા કેટલાક મહિનાઓથી ઘણી નજીકની મેચો હાર્યા બાદ આ અઠવાડિયે તેણે અને તેના સાથીદારે શાનદાર સર્વ કરીને દબાણ હેઠળ ઉત્તમ પરિણામ આપ્યું છે.

# સિંધુનો ફાઈનલમાં વર્લ્ડ નંબર-1 અન્ સે યંગ સામે સંઘર્ષપૂર્ણ પરાજય

**રોમાંચક** મેચમાં શાનદાર પ્રદર્શન બાદ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો



પેરીસ, તા. 25 (પીટીઆઈ): ભારતની સ્ટાર બેટર પીવી સિંધુએ રવિવારે ફ્રેન્ચ ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સની રોમાંચક ફાઈનલમાં વિશ્વની નંબર-1 ખેલાડી અને પોતાની કટ્ટર પ્રતિસ્પર્ધી કોરિયાની અન્ સે યંગ સામે શાનદાર સંઘર્ષ બાદ હારનો સામનો કરવો પડ્યો હતો.

બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા 31 વર્ષીય સિંધુએ ઓલિમ્પિક ચેમ્પિયન સામે 21-16, 11-21, 12-21થી પરાજય સ્વીકારવો પડ્યો હતો. પ્રથમ ગેમમાં સિંધુએ શાનદાર રમતનું પ્રદર્શન કરીને 21-16 થી વિજય મેળવ્યો હતો. કારકિર્દીમાં આ માત્ર બીજો અવસર હતો જ્યારે સિંધુએ કોરિયાઈ ખેલાડી સામે કોઈ ગેમ જીતી હોય.

જોકે, ત્યારબાદ અન્ સે યંગે શાનદાર વાપસી કરી હતી અને સતત બે ગેમ જીતીને ચોથું ફ્રેન્ચ ઓપન ટાઈટલ અને ચાલુ વર્ષનું 11મુ ખિતાબ પોતાના નામે કર્યું હતું.

મેચ બાદ સિંધુએ કહ્યું હતું કે તેણે દરેક પોઈન્ટ માટે સખત સંઘર્ષ કર્યો હતો અને પ્રથમ ગેમ જીતવાથી ખુશી મળી હતી, પરંતુ નિર્ણાયક ક્ષણોમાં પોતાની ભૂલોને કારણે જીત હાથમાંથી સરકી ગઈ હતી તેમ છતાં તે આ મુકાબલામાંથી ઘણા સકારાત્મક પાસાઓ સાથે આગળ વધશે.

# કોહલીએ ન્યુઝીલેન્ડ સામેની વનડે સિરીઝ માટે નેટમાં પરસેવો પાડ્યો




મુંબઈ, તા. 25: ન્યુઝીલેન્ડ સામેની આગામી વનડે સિરીઝ માટે વિરાટ કોહલીએ પોતાની તૈયારીઓ તેજ કરી દીધી છે. શુક્રવારે મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે કોહલીએ નેટ્સમાં લગભગ 2 કલાક સુધી આકરો અભ્યાસ કર્યો હતો. લાલ માટીની પીચ પર તેણે ફાસ્ટ બોલરો અને સ્પિનરો સામે શાનદાર ડ્રાઈવ, કવર ડ્રાઈવ અને બેકફૂટ શૉટ્સ ફટકારી પોતાની જૂની લય દર્શાવી હતી.

સપ્ટેમ્બરમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની વનડે સિરીઝમાં કોહલીએ 155.55ના સ્ટ્રાઈક રેટથી 168 રન બનાવ્યા હતા, જેમાં તિરુવનંતપુરમ ખાતે 88 બોલમાં અણનમ 139 રનની તોફાની ઈનિંગ સામેલ હતી. આ સાથે તેણે વનડેમાં પોતાના 15,000 રન પૂરા કર્યા હતા અને પોતાની 55મી વનડે સદી પણ નોંધાવી હતી.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે 4થી 15 નવેમ્બર, 2026 દરમિયાન 5 વનડે મેચોની સિરીઝ રમાશે, જેની પ્રથમ મેચ ઓકલેન્ડમાં યોજાશે. 2027 વર્લ્ડકપ તરફ નજર રાખીને કોહલી આ સિરીઝમાં પણ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન જાળવી રાખવા આતુર છે.

# નિંગબો ઓપનમાં એલેના રિબાકીના ચેમ્પિયન

**વર્લ્ડ** નંબર-1 બન્યા બાદ રિબાકીનાનું પ્રથમ ટાઇટલ

**ફાઇનલમાં** લૈલા ફર્નાન્ડીઝ સામે 6-2, 6-2થી આસાન વિજય



નિંગબો, તા. 25 (એપી): વિશ્વની નંબર-1 ખેલાડી બન્યા બાદ એલેના રિબાકીનાએ રવિવારે નિંગબો ઓપન ટેનિસ ટુર્નામેન્ટની ફાઈનલમાં લૈલા ફર્નાન્ડીઝને 6-2, 6-2થી પરાજય આપીને આ વર્ષનું પ્રથમ ટાઈટલ પોતાના નામે કર્યું છે. આ જીત સાથે જ રિબાકીનાએ પોતાના નિંગબો ઓપન ટાઈટલનું સફળતાપૂર્વક રક્ષણ પણ કર્યું છે.

યુએસ ઓપન બાદ એરીના સાબાલેન્કાને પાછળ છોડીને રિબાકીના વર્લ્ડ નંબર-1ના સ્થાન પર પહોંચી હતી, પરંતુ ચાઈના ઓપનના પ્રથમ મુકાબલામાં જ 118મા ક્રમાંકની ખેલાડી અલીના ચારેવા સામે તેને આંચકાજનક પરાજયનો સામો કરવો પડ્યો હતો.

આ સાથે જ રિબાકીનાએ આ સત્રનું પોતાનું ચોથું ટાઈટલ મેળવ્યું છે, જે આ વર્ષે ડબલ્યુટીએ ટૂર પર સૌથી વધુ ટાઈટલનો રેકોર્ડ છે.

આ પહેલાં તે ચાલુ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપન, સ્ટુટગાર્ટ અને યુએસ ઓપનની ટ્રોફી પણ જીતી ચૂકી છે. આ તેની કારકિર્દીનું 15મું ટાઈટલ છે. ગત સત્રની ફાઈનલમાં એકટેરીના એલેક્ઝાન્ડ્રોવાને હરાવનાર રિબાકીનાનો નિંગબો ઓપનમાં વિજયી રેકોર્ડ હવે 8-0 થઈ ગયો છે.

2021ની યુએસ ઓપન રનર-અપ અને વિશ્વમાં 30મા ક્રમાંકની ખેલાડી લૈલા ફર્નાન્ડીઝ સામેની આ ફાઈનલ મેચમાં રિબાકીનાએ પોતાની સામે આવેલા ચારેય બ્રેક પોઈન્ટ્સ બચાવ્યા હતા અને પ્રથમ મેચ પોઈન્ટ પર જ ફોરહેન્ડ વિનર ફટકારીને આસાનીથી વિજય હાંસલ કર્યો હતો.



### ઈન્ટર મિલાનનો ઈંજરી ટાઈમમાં રોમાંચક વિજય

મિલાન, તા. 25 (એપી): ઈટાલિયન ચેમ્પિયન ઈન્ટર મિલાને રવિવારે સીરી-Aમાં મોડી રાત્રે રમાયેલા મુકાબલામાં ઈંજરી ટાઈમમાં બે ગોલ ફટકારીને ફિઓરેન્ટિના સામે 2-1થી રોમાંચક જીત નોંધાવી હતી. આ વિજય સાથે ઈન્ટર મિલાને લીગના પોઈન્ટ ટેબલમાં પોતાનું શીર્ષ સ્થાન જાળવી રાખ્યું છે. સાન સિરો સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ફિઓરેન્ટિનાના એલેક્સ જિમેનેઝે પ્રથમ હાફમાં ગોલ કરીને પોતાની ટીમને સરસાઈ અપાવી હતી. જોકે, સ્ટોપેજ ટાઈમની પ્રથમ મિનિટે માર્કસ થુરામે શાનદાર ગોલ કરીને ઈન્ટર મિલાનને 1-1ની બરાબરી પર લાવી દીધું હતું. ત્યારબાદ ઈંજરી ટાઈમની 8મી મિનિટે થુરામને પેનલ્ટી મળતાં પિયોત્ર ઝિલિન્સ્કીએ તેને ગોલમાં ફેરવી ટીમને વિજય અપાવ્યો હતો.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૨ | | | ૧ | ૭ | ૮ | |
| ૭ | | | ૮ | | ૩ | | | ૪ |
| ૪ | ૮ | | ૨ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ |
| ૧ | ૯ | ૭ | | | ૪ | ૬ | | ૮ |
| ૩ | | | | | | ૨ | ૪ | ૭ |
| ૨ | ૪ | | ૭ | ૩ | ૬ | ૧ | | |
| | | ૩ | | ૪ | | | | ૨ |
| ૮ | | ૪ | | ૭ | ૯ | | | |
| | ૭ | | | | | ૪ | ૯ | ૧ |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**તાવમાં માથું દુખવું**

તાવ સાથે પિત્ત વધતા માથું દુઃખે છે. એરંડા- દિવેલાના પાન લાવી, તવા પર ગરમ કરી માથે બાંધી દેવા. એથી ઊંઘ પણ સારી આવશે.

### શબ્દગુંફન - ૭૨૭૯

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. ખરાબ સોબત (૩)
૫. ધીરજવાળું, ધૈર્યશીલ (૨)
૭. બૂમાબૂમ, હોકારા (૬)
૮. પરમેશ્વર (૨)
૯. વચન (૨)
૧૦. વીસ ઘા કાગળ (૨)
૧૧. પખવાડિયાની સાતમી તિથિ (૩)
૧૩. ક્ષાર, કાંટો, વેર (૨)
૧૪. હુકમનો અમલ (૩)
૧૫. સ્ત્રીઓનું કાનનું એક ઘરેણું (૩)
૧૭. ભાષા (૨)
૧૮. એક સરખું (૩)
૨૦. સમાપ્ત (૩)
૨૧. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૨૩. જુસ્સો, બળ (૨)
૨૫. સાપની કાંચળી (૨)
૨૬. મધમાખીએ એકઠો કરેલો રસ (૨)
૨૭. પહેલવાન (૨)
૨૮. તાકાત (૩)
૩૦. “ ... ઔર શૈતાન” એક ફિલ્મ (૨)
૩૧. શરીર, દેહ (૨)
૩૨. દિવસ (૨)
૩૩. સરખું, સમાન (૪)

**ઊભી ચાવી**
૧. કુટુંબ, વંશ (૨)
૨. રાંક, કંગાળ (૩)
૩. હકૂમત, જાગીર (૪)
૪. પાલવ, છેડો (૩)
૬. વારંવાર યાદ કરવું (૩)
૮. બધે રખડ્યા કરનાર (૫)
૯. દુશ્મનાવટ (૨)
૧૧. નરમ સ્વભાવનું, ભલું (૩)
૧૨. ચિંતન (૩)
૧૩. સાવ-તદ્દન ખાલી (૪)
૧૬. સરખી સપાટીવાળું. (૪)
૧૯. માંગણી (૨)
૨૨. મોજૂદ (૩)
૨૩. લડવૈયો, યોદ્ધો (૨)
૨૪. મોજમજા, ઈચ્છા (૨)
૨૬. મીઠું, ગળ્યું (૨)
૨૭. ચિંતન (૩)
૨૯. માછલું (૨)
૩૦. સમજણ (૨)
૩૧. કાળજી, પરવા (૩)

# હેનરી ભારત સામેની ટી-20 સિરીઝમાંથી બહાર થયો, ફર્ગ્યુસન ત્રીજી મેચ ગુમાવશે

વેલિંગ્ટન, તા. 25 (પીટીઆઈ): ભારત સામેની T20 સિરીઝ માટે ન્યુઝીલેન્ડની ટીમમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન અને મેટ હેનરી વર્કલોડ મેનેજમેન્ટ અને નાની ઈજાના કારણે ભારત સામેની આગામી મેચોમાંથી બહાર થઈ ગયા છે. હેનરી T20 સિરીઝની બાકીની મેચો રમી શકશે નહીં અને સીધા ODI સિરીઝમાં જોડાશે, જ્યારે ફર્ગ્યુસન ચોથી અને પાંચમી T20 માટે ટીમમાં પરત ફરશે. કોચ રોબ વોલ્ટરે જણાવ્યું હતું કે ખેલાડીઓની ફિટનેસ અને વર્કલોડ જાળવી રાખવા માટે સ્ક્વોડમાં ફેરફાર કરાયા છે.

# પ્રીમિયર લીગ: માન્ચેસ્ટર યુનાઈટેડની બોર્નમાઉથ સામે 3-0થી શરમજનક હાર

**મેનેજર** માઈકલ કારિકના સ્થાન સામે જોખમ ઊભું થયું

**લિવરપૂલે** બ્રાઈટનને 2-0થી હરાવ્યું



લંડન, તા. 25 (એપી): પ્રીમિયર લીગમાં માન્ચેસ્ટર યુનાઈટેડનું ખરાબ પ્રદર્શન જારી રહ્યું છે. ઘરઆંગણે બોર્નમાઉથ સામે 3-0થી કારમો પરાજય મળતાં મેનેજર માઈકલ કારિકના સ્થાન સામે જોખમ ઊભું થયું છે. કેપ્ટન બ્રુનો ફર્નાન્ડીઝને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવાનો કારિકનો નિર્ણય ખોટો સાબિત થયો હતો. બોર્નમાઉથ તરફથી રાયન, માર્કસ ટેવર્નિયર અને એવેનિલ્સને ગોલ ફટકાર્યા હતા. તમામ સ્પર્ધાઓમાં સતત 8 મેચમાં વિજયવિહોણા રહ્યા બાદ યુનાઈટેડ પોઈન્ટ ટેબલમાં 16મા સ્થાને ધકેલાઈ ગયું છે. યુનાઈટેડ આ સિઝનમાં 8 લીગ મેચોમાંથી માત્ર 1 મેચ જ જીતી શક્યું છે.

બીજી તરફ, એનફિલ્ડ ખાતે રમાયેલી મેચમાં લિવરપૂલે બ્રાઈટનને 2-0થી હરાવ્યું હતું. પ્રથમ હાફમાં ફ્લોરિયન વિર્ટ્ઝના શોટ પર બ્રાઈટનના પાસ્કલ ગ્રોસના આત્મઘાતી ગોલ અને લિવરપૂલના એલેક્ઝાન્ડર ઈસાકના ગોલથી લિવરપૂલે જીત નોંધાવી હતી. આ ઓગસ્ટ પછી બ્રાઈટનની પ્રથમ હાર હતી. અન્ય મુકાબલામાં, ન્યૂકેસલે ક્રિસ્ટલ પેલેસને 2-0થી હરાવ્યું હતું,

# શરૂઆતી આંચકા બાદ પડિક્કલ અને સાઈ સુદર્શનની ધૈર્યપૂર્વક બેટિંગ

**ન્યૂઝીલેન્ડ**-A સામેની બીજી અનઓફિશિયલ ટેસ્ટની બીજી ઈનિંગમાં પણ જયસ્વાલ અને રાહુલ નિષ્ફળ ગયા

**પડિક્કલ** અને સુદર્શન વચ્ચે 96 રનની ભાગીદારી, ઈન્ડિયા-A ટીમ હજુ પણ 98 રન પાછળ



લિનકોન, તા. 25 (પીટીઆઈ): ન્યૂઝીલેન્ડ-A સામેની ચાર દિવસીય બીજી અનઓફિશિયલ ટેસ્ટના બીજા દિવસે ભારતીય ઓપનરોના ફરી એકવાર નિરાશાજનક પ્રદર્શન બાદ દેવદત્ત પડિક્કલ અને સાઈ સુદર્શને ધૈર્યપૂર્વક બેટિંગ કરીને બીજી ઈનિંગ્સમાં ઈન્ડિયા-Aને 2 વિકેટે 106 રન સુધી પહોંચાડ્યું હતું.

પ્રથમ ઈનિંગ્સની જેમ આ મેચમાં પણ ઓપનર યશસ્વી જયસ્વાલ અને કે. એલ. રાહુલ ફ્લોપ રહ્યા હતા, જેના કારણે ઈન્ડિયા-Aએ બીજી ઈનિંગ્સમાં માત્ર 10 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ પડિક્કલ (અણનમ 56 રન, 89 બોલ) અને સાઈ સુદર્શને (અણનમ 39 રન, 104 બોલ) ત્રીજી વિકેટ માટે અણનમ 96 રનની ભાગીદારી નોંધાવી ટીમની ઈનિંગ્સ સંભાળી હતી. પ્રથમ ઈનિંગ્સમાં માત્ર 113 રનમાં ઓલઆઉટ થયેલી ભારતીય ટીમ હજુ પણ ન્યૂઝીલેન્ડ-Aના સ્કોરથી 98 રન પાછળ છે.

અગાઉ ન્યૂઝીલેન્ડ-Aએ 3 વિકેટે 135 રનથી આગળ રમતા પ્રથમ ઈનિંગ્સમાં 317 રન બનાવીને 204 રનની મજબૂત સરસાઈ મેળવી હતી. યજમાન ટીમ તરફથી કેપ્ટન રાયસ મારિયુએ સૌથી વધુ 76 રન અને ડીન ફોક્સક્રોફ્ટે 51 રન બનાવ્યા હતા. ભારત તરફથી અંશુલ કંબોજે (3/52) અને આકિબ નબીએ (3/69) ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી.

### 22 નવેમ્બરે ભારત-A અને પાકિસ્તાન-A વચ્ચે ટક્કર

દુબઈ, તા. 25 (પીટીઆઈ): આગામી 19 નવેમ્બરથી દોહા ખાતે યોજાનારા ‘એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 50-ઓવર ટૂર્નામેન્ટ’માં 22 નવેમ્બરે ભારત-A અને પરંપરાગત હરીફ પાકિસ્તાન-A વચ્ચે મહામુકાબલો રમાશે. આ ટૂર્નામેન્ટમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન પોતાની ‘A’ ટીમો મેદાનમાં ઉતારશે, જ્યારે નેપાળ, UAE અને હોંગકોંગ પોતાની મુખ્ય મજબૂત ટીમો સાથે ભાગ લેશે.

ટૂર્નામેન્ટ માટે ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત Aને ગ્રુપ Bમાં પાકિસ્તાન A, નેપાળ અને UAE સાથે રાખવામાં આવ્યું છે. જ્યારે ગ્રુપ Aમાં શ્રીલંકા A, બાંગ્લાદેશ A, અફઘાનિસ્તાન A અને હોંગકોંગનો સમાવેશ થાય છે.

### આજનું પંચાંગ

**તા. 26/10/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** સુદ: 09:42, પછી વદ એકમ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**રાષ્ટ્રિય દિનાંક :** કારતક:-04 **યોગ :**વ્રજ
**કરણ:** બાવલ **નક્ષત્ર :** અશ્વિની:- 17:42
**રાશી:** મેષ (અ,લ,ઈ)
**દિવસ :** શુભ-વાલ્મીકી જયંતી-કાર્તિક સ્નાનારંભ-ડાકોરનો મેળો,
**સુરતમાં સૂર્યોદય :** 06:40 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:06
**નવકારસી :** 07:28
**પારસી વર્ષ :** 1396 ખોરદાદ માસનો 13 મો રોજ
**મુસલમાન વર્ષ :**1448 જમાદીલ ઊલ અવલ માસનો 14મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે: 07:30 થી 09:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં નવી તક મળશે. ભાગીદારીમાં તાલમેળથી નવા સોદા પાર પડશે. પ્રેમમાં આકર્ષણ વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** હરીફોથી સાવધાન રહેવું. પરિવાર સાથે ધાર્મિક યાત્રા થાય. કોર્ટ-કચેરીમાં મદદ મળશે. ખાવા-પીવામાં ધ્યાન.

**મિથુન (ક,છ,ઘ,):** અચાનક શુભ સમાચાર મળે. સંતાનોની સમસ્યા સતાવશે. ભાઈ-બહેન જીવનસાથીનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** કામનું ભારણ વધશે. કોસ્મેટીક ગારમેન્ટ્સ વગેરે ધંધામાં લાભ થાય. સમાજ જીવનમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** પરિવારમાં તાલમેળ વધશે. સંતાનોના ઉચ્ચ અભ્યાસ અને વિદેશને લગતાં કામ થાય. ધર્મ-કર્મ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** ખર્ચા પર કાબૂ રાખવો. માનસિક અશાંતિ રહે. અચાનક રોમેન્ટીક મુલાકાત થાય. પડવા-વાગવાથી સાવધાન.

**તુલા (ર,ત,):** પરિવારમાં માંગલિક પ્રસંગનું આયોજન થાય. રોજની આવક વધે. દાંપત્યમાં તાલમેળ વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરી-ધંધામાં સંયમ રાખવો. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. હરીફો પર નજર રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રેમમાં સહકાર મળે. અચાનક આવક વધે. મિત્રોનો સાથ સંતાનોના કામમાં મળે. નવી જવાબદારી મળે.

**મકર (ખ,જ,):** ઘરમાં નવા ફેરફાર થાય. નવા વેપાર ધંધાની યોજનામાં વડીલોનો સાથ મળે. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** કેરીયરમાં પ્રતિભાની કદર થાય. અટકેલા કામ પાર પડે. નવા આધુનિક વિચારોથી નવી તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઘરમાં ઉત્સવ જેવુ વાતાવરણ રહે. આવક વધે. પારિવારિક ધંધામાં આવક વધે. શુભ સમાચાર મળે.

### કોઈ પણ સાલમાં 26 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષનો અનુભવ વધારશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી અને સરકારી નીતિ તેમજ ટેક્નોલોજી પ્રમાણે કામ કરવાના કારણે બોજ અને જવાબદારીથી અશાંતિ વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધશે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના મોવડીલો મદદરૂપ બનશે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. ઉઘરાણી અટકે. આરોગ્ય સામાન્ય રહે. વારસા, જાયદાદ, જમીનનાં કામમાં વિઘ્નો આવે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશનો કામ અટકે. વિદ્યાર્થીઓને સખત-મહેનત કરવી પડશે. મિત્રોની મદદ અવારનવાર મળતી રહે. સ્ત્રી વર્ગની કસોટી વધશે. જવાબદારી સાથે નવી તક નોકરીમાં મળે. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં, શુક્ર-શનિવારે 08,17, 26 તારીખે નવા કામ કરવા. માર્ચ-એપ્રિલમાં બુધવારે 07,16,25 તારીખે નવાં કામ ટાળવાં. લીલા અને સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું. કાળા અને નીલા રંગનો ઉપયોગ કરતાં રહેવું.